Divya Bhaskar (Supple.: City Bhaskar )
February 20, 2015
Page No. 1

EDI

# માહિલાઓ સેલ્ફ એમ્પ્લોયમેન્ટ તરફ વળી રહી છે

સિટી રિપોર્ટર • આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા, અમદાવાદ દ્વારા 11મી 'નેશનલ બાયેનિયલ કોન્ફરન્સ ઓન આંત્રપ્રિન્યોરશીપ' બુધવારે યોજવામાં આવી હતી. આ પ્રસંગે ચીફ ગેસ્ટ ડો. દ્વિજેન્દ્ર ત્રિપાઠીએ કોન્ફરન્સનું ઉદઘાટન કર્યું હતું. જ્યાં તેમણે કહ્યું કે, બીજા વિશ્વ યુદ્ધમાં એક મુખ્ય સામાજિક ચિંતા તરીકે આર્થિક વિકાસ ઊભરી આવ્યો હતો. પરંતુ આંત્રપ્રિન્યોરશિપની રચનાની ચિંતા ઓછી હતી, વધુ ઉદ્યોગસાહસિકો બનાવવાની ચિંતા વધુ હતી. તેમજ સાહસિકોનાં ભાગલાનાં લક્ષણો અને


ડો. દ્વિજેન્દ્ર ત્રિપાઠી

તેને વિકસાવવાનાં લક્ષણો વિશે વધારે વિચારવામાં આવતું હતું. આ પ્રક્રિયામાં આત્રપ્રિન્યોર અને આંત્રપ્રિન્યોરશિપ અર્થશાસ્ત્રનાં પુસ્તકોને એકાંતિક ખૂણામાંથી બહાર લવાયાં હતાં. જ્યારે તેમણે હાલની પરિસ્થિતિને અનુલક્ષીને જણાવ્યું કે, આંત્રપ્રિન્યોરશીપનો કોન્સેપ્ટ પહેલાં કરતાં ઘણો જુદો અને બહોળા અર્થમાં લેવાય છે. ઈનોવેશન હવે પહેલાં જેવી અદભૂત લાગણીઓ ઉત્પન્ન કરતી નથી. વધુમાં તેમણે કહ્યું કે, હાલનો થયેલો વિકાસ આંત્રપ્રિન્યોરશિપ રિસર્ચર માટે પડકારરૂપ બન્યો છે. છેલ્લાં બે દાયકામાં મેં જોયું છે કે યુવાનો પગારદાર નોકરી છોડીને સેલ્ફ એમ્પ્લોયમેન્ટ તરફ વધી રહ્યાં છે અને મેનેજમેન્ટ ગ્રેજ્યુએટ્સ વધી રહ્યાં છે. તેઓ પોતાનાં એન્ટરપ્રાઈઝીસ સેટ કરી રહ્યાં છે, જેમાં તેઓ રિસ્ક પણ લેતાં શીખ્યાં છે. ગઈકાલ સુધી તો આ યુવાનો ઉચ્ચ પગારની વૈભવી નોકરીઓ પસંદ કરતાં હતાં. વળી, સેલ્ફ એમ્પ્લોયમેન્ટ ક્ષેત્રે નવું જોઈ શકાય તેવી વાત એ છે કે મહિલાઓ સેલ્ફ એમ્પ્લોયમેન્ટ તરફ વધુ વળી રહી છે.